જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૧/૨૦૧૬ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૦૧/૧૬**

## આજ થી દોઢ વર્ષ પહેલા વેજલપુર લક્ષ્મી જ્વેલર્સમાં થયેલ ચકચારી લુંટના વોન્ટેડ આરોપીને પકડી પાડતી ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેરમાં મિલકત સબંધી ગુનાઓ બનતા હોય જેથી આવા ગુના શોધી કાઢવા સારૂ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ આપેલ સુચના આધારે શ્રી કે.એન.પટેલ, મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ શ્રી જે.એસ.ગેડમ, પોલીસ ઈન્સ્પેકટર, ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓની સુચનાથી પો.સ.ઈ. શ્રી જે.એન.ગોસ્વામી તથા પો.સ.ઇ શ્રી જે.એમ.જાડેજા તથા ટીમના માણસો અમદાવાદ શહેર વિસ્તારમાં ૩૧ ડીસેમ્બર અંનુસંધાને પેટ્રોલીંગમાં હતાં, મળેલ બાતમી હકીકત આધારે આજથી દોઢેક વર્ષ પહેલા વેજલપુર વિસ્તાર માં આવેલ લક્ષ્મી જ્વેલર્સ માં રૂપિયા ૧૮ લાખ ના દાગીના ની લુંટ થયેલ જે ગુના નો મુખ્ય આરોપી ને સરદારબ્રીજ એન આઇ ડી પાસે પકડી લીધેલ આરોપી ગુના સબંધે પુછપરછ કરતાં પોતાના મિત્ર(૧) પપ્પુ મલીક રહે. ગામ મુસ્તુફાબાગ, દિલ્હી, (૨) નાસીર રહે. ગામ મુસ્તુફાબાગ, દિલ્હી, (૩) શાહનવાજ, (૪) એક ગોરો માણસ ઉ.વ.-30 તથા તેના બે ભાઇ યુસુફ તથા સલમાન ઉર્ફે સલ્લુ સાથે વેજલપુર વિસ્તારની જ્વેલર્સની દુકાન લૂંટવાનો પ્લાન બનાવેલ હતો. અને બે દિવસ સુધી રેકી કર્યા બાદ સરખેજ વિસ્તારમાંથી સીબીઝેડ બાઈકની ચોરી કરી તેમજ સરખેજ વિસ્તાર માંથી એક વ્યક્તિને પિસ્ટલ બતાવી હંક બાઈકની લૂંટ કરી બીજા દિવસે પિસ્ટલ તથા એક તમંચો તથા એક છરી સાથે પહોચી જઇ, તેના બે ભાઇ ઓ યુસુફ તથા સલમાન ઉર્ફે સલ્લુ દુકાનથી થોડે દૂર ઉભા રહી વોચ કરી પોતે પોતાના મિત્રો સાથે હથિયારો બતાવી દુકાનમાંથી સોનાના દાગીના લૂંટી લીધેલ અને દિલ્હી પાસે આવેલ ખુર્જા શહેરમાં આ લૂંટનો મુદ્દામાલ સોનાના દાગીનાના રૂ.૧૫,૦૦,૦૦૦/-એક સોનીની દુકાનમા વેચી દીધેલાની કબુલાત કરેલ છે જેથી તેને સી.આર.પી.સી. ૪૧(૧)એ મુજબ અટક કરેલ. અને આ ગુના ના સામેલ બીજા આરોપીઓને પકડવા માટે ચક્રો ગતિમાન કરેલ છે.





Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## બંધ મકાનોમા ઘરફોડ ચોરી કરતા ઇસમોની  ધરપકડ કરતી અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ

ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેરના મદદનીશ પોલીશ કમિશ્નર શ્રી કે.એન.પટેલ નાઓના માગઁદશન અને સુપરવિઝન હેઠળ પો.સબ.ઇન્સ શ્રી કે.જી.ચૌધરી તથા પો.સબ.ઇન્સ.એલ.ડી.વાઘેલા તથા માણસો ગઇ તા-31/12/15 ના રોજ અમદાવાદ શહેર માં પેટ્રોલીંગ દરમિયાન હે.કો.કિરીટસિંહ હરીસિહ તથા હે.કો.ભગવાનભાઇ મસાભાઇ નાઓની બાતમી આધારે 1.પંકજ @ લુલી કિશનભાઇ સોલંકી ઉ.વ.19 રહે.પ્રવિણભાઇની ચાલી શંકરભુવન ના છાપરા શાહપુર અમદાવાદ તથા 2.પ્રભાત @ ગોબો ગીરીશભાઇ દાતણીયા ઉ.વ.23 રહે.પ્રવિણભાઇની ચાલી શંકરભુવન ના છાપરા શાહપુર અમદાવાદ નાઓને શાહપુર ભવન્સ કોલેજ આગળથી પકડી (૧) લેપટોપ નંગ-૧ કિ.રૂ.૨૦,૦૦૦/ તથા (૨) સેમસંગ કંપનીનું M.P.-3 પ્લેયર કિ.રૂ.૩૦૦૦/ ગણી શકાય તથા (૩) કાળાકલરની કપડાની બેગ તથા બેટરી ચાર્જર જેમાં બેગ ની કિ.રૂ. ૨૦૦/ તથા ચાર્જરની કિ.રૂ.૧૦૦૦/ તથા (૪) સ્ટીલના વાસણો કિં રુ 2500/ તથા (૫) ઇમીટેશન જવેલરી સેટ નંગ-૩ કિ.રૂ.૧૫૦૦૦/ તથા સોનાની બુટ્ટી કિં રુ 16,000/ મળી કુલ્લે રુ 67950/ (1) સેટેલાઇટ પો સ્ટેશન ફ્સ્ટઁ ગુ.ર.નં.220/15 ઇ.પી.કો.કલમ 454,457,380,મુજબ તથા (2)પાલડી પો સ્ટેશન ફ્સ્ટઁ ગુ.ર.નં.10/15 ઇ.પી.કો. ક્લમ 454,457,380,511 તથા (3) પાલડી પો સ્ટેશન ફ્સ્ટઁ ગુ.ર. નં.37/15 ઇ.પી.કો.ક્લમ 454,457,380,મુજ્બના ગુનાઓ ડીટેક કરી આરોપીઓને વધુ તપાસ અર્થે સેટેલાઇટ પો સ્ટેશન સોપેલ છે.

## કુબેરનગરમાં ઘરફોડ ચોરીઓ કરતો મુકેશ ઉર્ફે ટેક્ષી પોલીસ સકંજામાં.

ના.પો.કમિ.શ્રી, ક્રાઇમ બ્રાંચ, અમદાવાદ શહેર નાઓની સુચનાથી તથા મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઇમ સેલ, ક્રાઇમ બ્રાંચ, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઇમ સેલના પોલીસ ઇન્સ.શ્રી કે.આઇ.મોદી નાઓએ મિલકત સંબંધી ગુન્હાઓ શોધી કાઢવા સારુ પો.સ.ઇ. શ્રી આર.એસ.સુવેરા, શ્રી જે.પી.રોજીયા, શ્રી એ.વાય.બલોચ નાઓને સુચના કરેલ જે અન્વયે ટીમના માણસો સાથે બેસતા વર્ષની રાતના સમયે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન મુકેશ ઉર્ફે ટેક્ષી કિશનભાઇ વાઘેલા રહે. નહેરૂનગરના છાપરા કુબેરનગર અમદાવાદને બે મોબાઇલ ફોન સાથે નરોડા પાટીયા પાસેથી પકડી પાડેલ છે. મજકુરની પુછપરછમાં તેણે આ મોબાઇલ ફોન પંદરેક દિવસ પહેલાં કુબેરનગર આદર્શ સ્કુલની પાસે આવેલ મકાનમાં તેના મિત્ર નારણ ઉર્ફે ડેંડો મોહનભાઇ ઝંડાવાળાની સાથે મળી ઘરમાં પ્રવેશી ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે. જે બાબતે સરદારનગર પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ થયેલ હોય આરોપી તથા મુદ્દામાલ સરદારનગર પોલીસ સ્ટેશન સોંપવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)